# યોજનાના લાભાર્થીની માર્ગદર્શિકા

લોકૅટાનો પરિચય – વેસ્ટ લંડનમાં નવું ઘર શોધવામાં સહાયક

યોજના શી રીતે કામ કરે છે

લોકૅટાના સભ્ય શી રીતે બની શકાય ?

સૌને સમાન તક – મને શી મદદ મળશે ?

મારે આશ્રયગૃહમાં રહેવું હોય તો ?

મને શારીરિક કે માનસિક સ્વાસ્થ્ય સંબંધી તકલીફ હોય તો ?

મારા કુટુંબમાં કોઈ સભ્યને ચાલવાની તકલીફ હોય તો ?

મારા સંયોગો બદલાય તો ?

ઘર માટે મારે બોલી શી રીતે નોંધાવવી ?

મારી બોલીનું શું થયું તેની મને શી રીતે ખબર પડશે ?

નવું ઘર પસંદ કરવાનાં પાંચ પગલાં / પગથિયા

ઘર માટે બીજા વિકલ્પ શા છે ?

**LOCATA (લોકૅટા) નો પરિચય – વેસ્ટ લંડનમાં નવું ઘર શોધવામાં સહાયક**

હવે લોકો પોતાની પસંદગીને અનુસાર ઘર શોધી શકે તે માટે બ્રેન્ટ(Brent), ઈલિંગ(Ealing), હૅમર સ્મિથ એન્ડ ફુલહૅમ(Hammersmith & Fulham), હેરો(Harrow), હિલિંગડન(Hillingdon) અને હૉન્સ્લો (Hounslow)ની કાઉંસિલો તેમ જ બીજાં સંગઠનો, જેમ કે, ઈલિંગ ફૅમિલી (Ealing Family), પૅરાડાઈમ હાઉસિંગ (Paradigm Housing), પીસીએચએ (PCHA), ટેમ્સ વૅલી (Thames Valley), ઍક્ટન હાઉસિંગ (Acton Housing), શેફર્ડ્ઝ બુશ (Shepherds Bush) અને સ્ટેડિયમ હાઉસિંગ એસોસિએશન (Stadium Housing Association) Locata ની મદદ લે છે.

તમારી પસંદગીનું સ્થળ શોધવા માટે Locata ઘણા વિકલ્પો આપે છે. પહેલાં, તમારી કાઉંસિલ તમને કયાં અને કયારે ઘર આપવું તે નક્કી કરતી; હવે પસંદગીની તક તમારા હાથમાં આવશે.

અત્યારે જે લોકો કાઉંસિલ અને હાઉસિંગ એસોસિએશનોના ભાડૂત હોય અને નવા ઘરમાં જવા માગતા હોય તેઓ નવું ઘર શોધવામાં Locata ની સેવાનો ઉપયોગ કરી શકે છે. જે લોકોનાં નામ હાઉસિંગ રજિસ્ટરમાં ચડેલાં હોય અથવા જે ઘરબાર વિનાના હોય અને ઘર શોધતા હોય તેઓ પણ Locata ની મદદ લઈ શકે છે.

દર પખવાડિયે 'Locata HOME' નામનું એક મફત સામયિક પ્રકાશિત કરે છે. એમાં કાઉંસિલ અને હાઉસિંગ એસોસિએશન હસ્તકનાં જે મકાનો મળી શકે તેમ હોય તેની માહિતી હોય છે. તમે જાહેરખબરો જોઈને નક્કી કરી શકો છો કે આમાંથી કોઈ પણ મકાન માટે તમારૂં નામ ધ્યાનમાં લેવાય એવું તમે ઈચ્છો છો કે કેમ. ઘર માટે બોલી નોંધાવીને તમે દર્શાવી શકો કે તમને રસ છે. મકાન માટે કોણ બોલી નોંધાવી શકે અને શી રીતે, તેની ટૂંકી માહિતી યોજનાના લાભાર્થી માટેની આ માર્ગદર્શિકામાંથી મળશે.

નવું ઘર મેળવવા માટે તમારે 'Locata HOME' માં કોઈ મકાન માટે બોલી નોંધાવવી પડશે. Locata યોજનામાં સામેલ થયેલી કાઉંસિલો અને હાઉસિંગ એસોસિએશનોએ લોકૅટા યોજના દ્વારા જેમણે બોલી નોંધાવી ન હોય તેમને ઘર ફાળવવાનું બંધ કરી દીધું છે.

તમે કયાં રહેવા માગો છો તે બાબતમાં Locata વધારે વિકલ્પો રજૂ કરે છે. તમારા વિસ્તારમાં કયાં મકાનો મળી શકે છે તેનો પણ એ વધારે સારો ખ્યાલ આપે છે.

**યોજના શી રીતે કામ કરે છે**

'Locata Scheme' મુજબ હવે કાઉંસિલ કે હાઉસિંગ એસોસિએશનો તમને ઘર શોધી નહિ આપે. તેને બદલે તમે જાતે 'Locata HOME' સામયિક જોઈને તમારૂં મકાન શોધી શકો છો.

ઉપલબ્ધ ઘરો વિશે આ પ્રમાણે જાહેરાત કરાશે :

- અમારા 'Locata HOME' નામના મફત સામયિકમાં જાહેરાતો અપાશે. આ સામયિક દર પખવાડિયે પ્રસિદ્ધ થાય છે. 'Locata HOME' 6 સહયોગી કાઉંટીઓમાં હાઉસિંગ ખાતાં, સામાજિક સેવા ઑફિસો, સેવાભાવી સંગઠનો અને સાર્વજનિક લાયબ્રેરીઓ વગેરે જુદાં જુદાં સ્થળે મળે છે. લવાજમ ફી ભરવાથી અમે તમને ટપાલ દ્વારા સીધુ મોકલી શકીયે.

- અમારી વેબસાઈટ www.locata.org પણ જૂઓ.

દરેક આવૃત્તિમાં વધુમાં વધુ 3 મકાનો માટે બોલી નોંધાવી શકો છો. આના માટે એક કૂપન તમારે ભરવાનું છે (જે તમને આપવામાં આવશે). તમે ટેલીફોનથી, ટેક્સ્ટ મૅસેજથી અને Locata ની વેબસાઈટ દ્વારા પણ બોલી નોંધાવી શકો છો.

નવા સભ્યો યોજનામાં જોડાશે ત્યારે એમને કૂપનો તેમ જ બધી માહિતી આપવામાં આવશે.

'Locata HOME' નીચેની બાબતોમાં માહિતી આપે છે :

- દરેક ઉપલબ્ધ ઘર
- અઠવાડિક ભાડું
- કોણ એનો માલિક છે
- કોણ એના માટે બોલી નોંધાવી શકે
- એ કયારે તૈયાર થઈ જશે
- બીજા બરોમાં રહેતા હો તો બોલી નોંધાવી શકો કે કેમ.
- શકય હોય તો સ્થાનિક માહિતી ; દા.ત. શાળાઓ, ટ્રાન્સપોર્ટની સુવિધા, દુકાનો વગેરે.

ટેનન્ટ્સ (ભાડૂતો) અથવા હોમસીકરો (મકાન શોધનારા) આના સભ્ય બની શકે છે. ભાડૂત સામાન્ય રીતે ભાગીદાર લોકલ ઓથોરિટીના પાકા ભાડૂત અથવા સ્થાનિકના હાઉસિંગ એસોસિએશનના પાકા કે ખાતરીબંધ ભાડૂતો હોય છે અને હોમસીકરમાં ઘર વિનાના લોકો અને હાઉસિંગ રજિસ્ટરમાં નામ નોંધાવ્યા હોય તેવા લોકોનો સમાવેશ થાય છે.

બધા સભ્યોને એક બૅન્ડ (જૂથ)માં મૂકવામાં આવે છે. તમે કયા બૅન્ડમાં છો તે તમારો મકાનમાલિક અથવા જ્યાં તમે નામ નોંધાવ્યું હોય તે લોકલ ઑથોરિટી તમને જણાવશે. દરેક બૅન્ડમાં તમારો નંબર તારીખ પ્રમાણે આવશે.

**નીચે જુદા જુદા બૅન્ડની સંક્ષિપ્ત માહિતી આપી છે. બધી શ્રેણીઓ વિશેની આ સંપૂર્ણ યાદી નથી અને તમને યોજના શી રીતે લાગુ પડે તેની વધારે માહિતી જોઈતી હોય તો તમારે જ્યાં તમારૂં નામ નોંધાવ્યું હોય તે હાઉસિંગ ડિપાર્ટમેન્ટ સાથે વાત કરવી જોઈએ.**

**બૅન્ડ A (કટોકટી / સર્વોચ્ચ પ્રાથમિકતા)**

- તમારી તબીયતની હાલત તમારા જીવન માટે ખતરારૂપ હોય અને તમારી રહેણાકની અત્યારની સ્થિતિની એના પર ગંભીર અસર હોય અથવા બીજા કોઈ કટોકટીના કારણસર તમારે મકાન બદલવું પડે તેમ હોય.
- તમારા પાસે રહેવા માટે ઘર ન હોય, તમારી એ સૌ પહેલી જરૂરિયાત હોય અને કોઈ જગ્યાએ કામચલાઉ ધોરણે રહેતા હો અને મકાનમાલિક મકાન પાછું લેવા માગતો હોય અથવા કામચલાઉ રહેણાક તમને માફક આવે તેવી ન હોય અને બીજી કોઈ યોગ્ય કામચલાઉ રહેણાક તમારા માટે શોધવાનું શકય ન હોય.
- સોશ્યલ સર્વિસીઝ વિભાગે એવી ભલામણ કરી હોય કે બાળકોને ઉછેરવા કે દત્તક લેવા માટે તમને કાયમી રહેણાક આપવાની જરૂર છે અને હાઉસિંગ વિભાગે એનો સ્વીકાર કર્યો હોય.
- તમે ભાડૂત હો અને હિંસાને કારણે તમારૂં જીવન ભયમાં હોય જો તમે તમારા ઘરમાં રહો તો યાદ રાખશો, કે આ વાત માત્ર કાઉંસિલ / હાઉસિંગ એસોસિએશનના ભાડૂતને લાગુ પડે છે.
- તમે સંરક્ષણ સેવામાંથી નિવૃત્ત થયેલા ભાડૂત હો અને તમને ફરી ઘર આપવા કાઉંસિલ કરારથી બંધાયેલી હોય.
- તમે ભાડૂત તરીકે જ્યાં રહેતા હો તે ઘર તોડી પાડવાનું હોય કે એનું નવેસરથી બાંધકામ થવાનું હોય.
- તમે ભાડૂત હો અને કોઈ ખાસ હેતુ માટેના ફેરફાર કરેલા ઘરમાં જવાનું તમારા માટે જરૂરી હોય.
- તમે કોઈ ખાસ હેતુ માટેના ફેરફાર કરેલા ઘરમાં, રહેનારા ભાડૂત હો પરંતુ હવે તમને એની જરૂર ન હોય અને બીજા કોઈને એ કામ આવે તેમ હોય.
- તમે બે કે વધારે બેડરૂમવાળા મકાનમાં ભાડે રહેતા હો અને એક બેડરૂમવાળા મકાનમાં જવા તૈયાર હો કે બે બેડરૂમવાળું મકાન છોડવા તૈયાર હો.
- કાઉંસિલના મકાનની ભાડાચિઠ્ઠી તમને વારસામાં મળી હોય અને તમને સ્ટૂડિયો અથવા એક રૂમવાળા મકાનમાં જવા માટે મંજૂરી આપવામાં આવી હોય કે તમે પોતે જ બે કે તેથી વધારે બેડરૂમવાળું ઘર છોડી દેતા હો.
- તમે એવા મકાનમાં રહેતા હો જેને ફરજિયાત ખરીદી લેવાનો આદેશ હોય અને / અથવા તમને બીજે ખસેડવાની કાઉંસિલની કાનૂની ફરજ હોય.

બૅન્ડ **B** (મકાન બદલવાની તાકીદની જરૂરિયાત)

- તમારા મકાન માલિકે મંજૂર કર્યા પ્રમાણે તમને તબીબી કે સામાજિક કારણસર મકાન બદલવાની તાકીદે જરૂર પડી હોય.
- કનડગત કે હિંસાની ધમકીને કારણે મકાન બદલવાનું તાકીદનું બની ગયું હોય (યાદ રાખશો, આ વાત માત્ર કાઉંસિલના કે હાઉસિંગ એસોસિએશનના ભાડૂતને લાગુ પડે છે).
- તમારી પાસે ઘર ન હોય, તમને વસાવવાની જવાબદારી કાઉંસિલે પોતાના શિરે લીધી હોય અને તમે 'બેડ એન્ડ બ્રેકફાસ્ટ'માં કે કોઈ હોસ્ટેલમાં અથવા કુટુંબ કે મિત્રો સાથે હાલ પૂરતા રહેતા હો.
- તમને ભાડાનું મકાન ન મળ્યું હોય; તમારા આશરે કોઈ બાળક હોય, બેડરૂમ ન હોય અને બીજી સગવડો સહિયારી હોય.
- ખાસ સંભાળ કે સહાયવાળા મકાનમાંથી બીજે જવાનું જરૂરી હોય અને ખાસ કવોટા યોજનામાં ફરી વસાવવાની સંમતિ થઈ હોય.
- ભાડૂત તરીકે તમારી પાસે બહુ મોટું મકાન હોય અને તમે વધારાનો બેડરૂમ છોડવા તૈયાર હો પરંતુ, તેમ છતાં, તમને બે કે તેથી વધારે બેડરૂમની જરૂર હોય.
- તમે ભાડૂત તરીકે જ્યાં રહેતા હો તે મકાન તોડી પાડવાનું હોય, અથવા કાનૂની દૃષ્ટિએ તમે વધારે ભીડ જગ્યામાં રહેતા હો અથવા બીજાં વહીવટી કારણોસર તમને બીજે ખસેડવાનું જરૂરી બને એ જાતની સમજૂતી હોય.
- કાઉંસિલની ભાડાચિઠ્ઠી તમને વારસામાં મળી હોય અને બે કે તેથી વધારે બેડરૂમવાળા નાના મકાનમાં જવાની મંજૂરી મળી હોય.
- તમે પહેલાં કાઉંસિલના ભાડૂત રહી ચૂકયા હો અને તમારો ભાડે રહેવાનો હક જતો કર્યો હોય ત્યારે કાઉંસિલે તમને ભવિષ્યમાં વસાવવાની જવાબદારી લીધી હોય.

બૅન્ડ **C** (ઘરની માન્ય જરૂરિયાત)

- તબીયતના કારણસર અથવા તો વધારે ગીચતા કે ગંદકીની હાલત હોય તેથી બીજા મકાનમાં જવાનું જરૂરી હોય.
- સોશ્યલ સર્વિસીઝની સંભાળ યોજનામાં તમારે મકાન બદલવાનું જરૂરી છે એવું દર્શાવેલું હોય અથવા સામાજિક હાડમારી ઓછી કરવાના ઉપાય તરીકે સોશ્યલ સર્વિસીઝ સાથે સંમતિ થઈ હોય.
- તમે આશ્રયગૃહમાં જનારા ઉંમરવાન વ્યકિત હો.
- તમારી પાસે ઘર ન હોય પણ બૅન્ડ A અથવા B માટે પાત્ર ન હો.

બૅન્ડ **D**

- A, B કે Cમાં ન આવતા હોય તેવા બધા ટ્રાન્સફર ટેનન્ટ્સ (બદલી માટેના ભાડૂતો) અને હોમસીકરો (ઘર શોધનારા).

## Locata ના સભ્ય શી રીતે બની શકાય ?

Locata ના કોઈ સહયોગી મકાનમાલિકના તમે ભાડૂત હો અને મકાન બદલાવવા માટે નામ નોંધાવેલું હોય અથવા તમે હોમસીકર હો – જેમાં ઘર વિનાના અને કોઈ સહયોગી કાઉંસિલના હાઉસિંગ રજિસ્ટરે જેનાં નામ ચડયાં હોય તેવા લોકોનો પણ સમાવેશ થાય છે – તો તમે આપમેળે જ Locata ના સભ્ય બની જાઓ છો.

બીજાઓએ એમના મકાનમાલિક અથવા સ્થાનિકની કાઉંસિલના હાઉસિંગ વિભાગ મારફતે નોંધણી કરાવવી પડશે.

## સૌને સમાન તક – મને શી મદદ મળશે ?

નિર્બળ અરજદારો તેમ જ ભાષા કે વાંચવાની તકલીફ અનુભવતા લોકોને સલાહ આપવા માટે સંપૂર્ણ તાલીમ પામેલા હાઉસિંગ કર્મચારીઓ, સામાજિક કાર્યકરો અને સેવાભાવી સંસ્થાઓ ઉપલબ્ધ છે. તેઓ તમને ઘર શોધવામાં 'Locata HOME' ની સેવા લેવામાં મદદ કરશે.

નવા ઘરમાં જવા માગનાર દરેક જણ 'Locata HOME' નો ઉપયોગ અવશ્ય કરવો પડશે. ઉપલબ્ધ થાય તેવાં ઘરો માટે બોલી નહિ નોંધાવો તો તમને ઑફર પણ નહિ મળે.

## મારે આશ્રયગૃહમાં રહેવું હોય તો ?

શેલ્ટર્ડ હાઉસિંગ એટલે કે આશ્રયગૃહો ખાસ હેતુ માટે બનાવેલી રહેણાકો છે. જે લોકો ઉંમરવાન હોય પણ મોટા ભાગે બધું જાતે કરી લે તેવા હોય તેમના માટે એ ખાસ બનાવેલી છે. આશ્રયની ઘણીખરી યોજનાઓમાં એક વૉર્ડન અથવા શેલ્ટર્ડ સ્કીમ મેનેજર સ્થળ પર જ હાજર રહે છે. એ મદદ અને સલાહ આપે છે. તમારે આશ્રયગૃહ માટે બોલી આપવી હોય તો તમે આશ્રયગૃહ માટે પાત્ર છો એવું મૂલ્યાંકન થયેલું હોવું જોઈએ. તમે પાત્ર છો કે નહિ અથવા શું ઉપલબ્ધ છે તે જાણવા માટે તમારા મકાન માલિક અથવા હાઉસિંગ વિભાગનો સંપર્ક કરો.

## મને શારીરિક કે માનસિક સ્વાસ્થ્ય સંબંધી તકલીફ હોય તો ?

તમને કે તમારા કુટુંબના કોઈ સભ્યને શારીરિક કે માનસિક સ્વાસ્થ્ય સંબંધી કશી તકલીફ હોય તો તમારે તબીબી સ્વમૂલ્યાંકન ફૉર્મ ભરવાનું રહેશે. એ ફૉર્મમાં તમારી તબીબી દૃષ્ટિએ સ્થિતિ અને તમારા અત્યારના નિવાસને કારણે સ્થિતિ શી રીતે વણસી અને તમારે શા માટે મકાન બદલવું જરૂરી છે તે પૂછેલું હશે. તમારે તમારા ડૉક્ટર પાસેથી મેડિકલ સર્ટીફિકેટ પણ લાવવું પડશે. તે પછી અમારો મેડિકલ એડવાઈઝર તમારી અરજી જોશે અને નક્કી કરશે કે તમને બીજું ઘર આપવાનું કામ લાગશે કે કેમ અને બીજે જવાની તમારી જરૂરિયાત કેટલી તાકીદની છે.

## મારા કુટુંબમાં કોઈ સભ્યને ચાલવાની તકલીફ હોય તો ?

તમે તબીબી સ્વમૂલ્યાંકન ફૉર્મ ભરીને આપશો ત્યારે તમને પૂછવામાં આવશે કે તમારા ઘરમાં કોઈ એવું છે, જેને ચાલવામાં કે સીડી ચડવામાં મુશ્કેલી પડતી હોય. એના પરથી તમને કયા પ્રકારનું મકાન આપવું યોગ્ય થશે, તે નક્કી થશે. દાખલા તરીકે, તમારા કુટુંબનો કોઈ સભ્ય વ્હીલચેર વાપરતો હોય તો ઑક્યૂપેશનલ થેરપિસ્ટને તમારી મુલાકાતે મોકલીને તમને કયા પ્રકારના ઘરની જરૂર છે તે નક્કી કરી શકાય.

તમને અમુક ખાસ પ્રકારની વિશેષ સુવિધાવાળા ઘરની જરૂર હોવાનું અમે સ્વીકારીશું તો તમને નિમ્નલિખિતમાંથી કોઈ પણ એક શ્રેણીમાં મુકાશે :

- મોબીલિટી ગ્રુપ 1 - ઘરમાં અને ઘર બહાર વ્હીલચેર વાપરનાર.
- મોબીલિટી ગ્રુપ 2 – પગથિયાં કે સીડી ન ચડી શકે અને કયારેક વ્હીલચેર વાપરતા હોય તેવા લોકો.
- મોબીલિટી ગ્રુપ 3 – માત્ર 1 કે 2 પગથિયાં કે સીડી ચડી શકે તેવા લોકો.

તમારા મોબીલિટી ગ્રુપ માટે યોગ્ય મકાનોની જાહેરાતો પર લેબલ મુકાશે અને આવાં મકાનો માટે તમારા મોબીલિટી ગ્રુપના લોકોને પ્રાથમિકતા અપાશે.

**મારા સંયોગો બદલાય તો ?**

તમારા કુટુંબમાં કે તબીબી સ્થિતિ કે રહેણાકની પરિસ્થિતિમાં કઈ પણ ફેરફાર થાય તો તમારે કાઉંસિલ / હાઉસિંગ એસોસિએશનને અચૂક જાણ કરવી જોઈએ. એને કારણે તમારું બૅન્ડ બદલી શકે છે અને અમુક ઘરો માટેની તમારી પાત્રતામાં પણ ફેરફાર થાય તે શકય છે. એટલે, જાણ કરવાનું બહુ અગત્યનું છે.

**ઘર માટે મારે બોલી શી રીતે નોંધાવવી ?**

'Locata HOME'ના દરેક અંકમાં આવેલી મકાનોની જાહેરાતોમાંથી તમે વધુમાં વધુ ત્રણ મકાન માટે બોલી નોંધાવી શકો છો. આના માટે તમારે માત્ર એક કૂપન મોકલવાનું છે અથવા ટેલીફોન દ્વારા કે ટેક્સ્ટ મૅસેજ મોકલીને પણ બોલી નોંધાવી શકો. તે ઉપરાંત 'મેક યોર બિડ' પેજ વાપરીને તમે ઑનલાઈન બોલી પણ મોકલી શકો છો. લોકૅટા જવાબો સરખાવે છે અને બોલી આપનાર દરેક વ્યકિત, એણે માગેલા મકાન માટે પાત્ર છે કે નહિ તેની ચકાસણી કરે છે. તે પછી Locata બધાં પાત્ર કુટુંબોને અગ્રતાક્રમમાં ગોઠવીને મકાનમાલિકને યાદી મોકલી આપે છે.

## ઈંટરનેટ વેબસાઈટ મારફતે બોલી નોંધાવવી

| | | |
|---|---|---|
| 1 | ઈંટરનેટ બ્રાઉઝર ખોલીને વેબસાઈટ પર જાઓ :: | **www.locata.org** |
| 2 | 'લોગિન' લિંક પર ક્લિક કરો. | આમ કરવાથી તમે લોગિન સ્ક્રીન પર જશો. |
| 3 | તમારા બરોનું ત્રણ અક્ષરનું સંક્ષિપ્ત નામ સિલેકટ કરો અને પછી તમારા LIN નંબરમાંથી નંબર એંટર કરો : | દાખલા તરીકે, તમે ઈલિંગના સભ્ય હો અને તમારો LIN EAL12345, હોય તો તમે ડ્રૉપ ડાઉન લિસ્ટમાંથી તમે “EAL” પસંદ કરશો અને એની પાસેના ખાનામાં “12345” ટાઈપ કરશો. |
| 4 | તમારી જન્મ તારીખ એના માટેના ખાનામાં એંટર કરો. | દાખલા તરીકે 31 જાન્યુ. 1960 |
| 5 | આટલું કરવાથી તમે મેંબરોના પેજ પર જશો. અહીં તમે મકાનો શોધી, ફ્રીશીટ ડાઉનલોડ કરીને બોલી નોંધાવી શકો છો. બોલી નોંધાવવા માટે 'બિડ ફોર પ્રોપર્ટીઝ' લિંક પર ક્લિક કરો. | આમ કરવાથી તમે બિડિંગ પેજ પર જશો. |
| 6 | બોલી નોંધાવવા માટે 'બિડ 1', 'બિડ 2, અને 'બિડ 3'ની પાસે આપેલાં ખાનામાં મકાનનો ત્રણ આંકડાનો રેફરન્સ નંબર ટાઈપ કરો. | દાખલા તરીકે તમે 428, 387 અને 621 એવા રેફરન્સ નંબરવાળા 3 મકાનો માટે બોલી નોંધાવતા હો તો 'બિડ 1' ની પાસે “428”, 'બિડ 2' ની પાસે “387” અને 'બિડ 3'ની પાસે “621” ટાઈપ કરો. |
| 7 | હવે 'સબમિટ બિડ્ઝ' બટન પર ક્લિક કરો. | |
| બસ; તમારી બોલી નોંધાઈ ગઈ. | | |

# ટેક્સ્ટ મેસેજ દ્વારા બોલી નોંધાવવી

| | કાર્ય | ઉદાહરણ |
|---|---|---|
| 1 | બોલી નોંધવાનું શરૂ કરવા માટે : | નવો ટેક્સ્ટ મૅસેજ ખોલો |
| 2 | તમારા LIN નંબર એંટર કરવા માટે આ કી વાપરો : | BRE12345 |
| 3 | તે પછી તરત જ 'હૅશ' નિશાન મૂકો : | BRE12345# |
| 4 | હવે પહેલી બોલી માટે જાહેરાતનો રેફરન્સ નંબર અને તે પછી તરત જ 'હૅશ' નિશાન મૂકો : | BRE12345#456# |
| તમે બોલી પૂરી કરી દીધી હોય તો મોકલી આપો. હજી બાકી હોય તો નીચેની સૂચનાઓ પ્રમાણે કરતા જાઓ. | | |
| 5 | હવે બીજી બોલી માટે જાહેરાતનો રેફરન્સ નંબર અને તે પછી તરત જ 'હૅશ' નિશાન મૂકો : | BRE12345#456#491# |
| તમે બોલી પૂરી કરી દીધી હોય તો મોકલી આપો. હજી બાકી હોય તો નીચેની સૂચનાઓ પ્રમાણે કરતા જાઓ. | | |
| 6 | હવે ત્રીજી બોલી માટે જાહેરાતનો રેફરન્સ નંબર અને તે પછી તરત જ 'હૅશ' નિશાન મૂકો : | BRE12345#456#491#444# |
| 7 | તમે બધી બોલીઓ એંટર કરી દીધી હોય તો તમારી ટેક્સ્ટ મૅસેજ બિડ મોકલી આપો : | “Send” (સેંડ–ક્લિક કરો) |
| 8 | તમારી બોલી મોકલવા માટેનો નંબર : | **07800 140767** |

- ઘણીખરી મોબાઈલ ફોન કંપનીઓ SMS ટેક્સ્ટ મૅસેજ માટે દરેક ટેક્સ્ટના લગભગ 10 પેન્સનો ચાર્જ લે છે.
- મૅસેજમાં નંબરો ઉમેરવા માટે તમને જોઈતો આંકડો આવે ત્યાં સુધી કી દબાવી રાખો અને પછી સિલેક્ટ કરો.
- ઘણાખરા મોબાઈલ ફોનમાં 'હૅશ' શોધવા માટે પહેલાં સ્ટાર કી દબાવો અને 'હૅશ' માર્ક સિલેક્ટ કરો.
- તમે 'કેપિટલ' (મોટા) અને 'સ્મૉલ' (નાના) બન્ને પ્રકારના અક્ષરોમાં બોલીઓ એંટર કરી શકો છો.
- મોકલતાં પહેલાં તમારો LIN નંબર અને બોલીઓ બરાબર હોવાની ખાતરી કરી લો.

# <u>ટેલીફોન પર બોલી નોંધાવવી</u>

| | <u>કાર્ય</u> | <u>ઉદાહરણ</u> |
|---|---|---|
| 1 | તમારી બોલી નોંધાવવા માટે પહેલાં ડાયલ કરો : | **0906 294 2012** |
| 2 | તમને સાંભળવા મળશે : | "Welcome to the Locata Property Line, Please select the Borough or RSL you are registered with from the following list."("લોકૅટા પ્રોપર્ટી લાઈનમાં આપનું સ્વાગત કરીએ છીએ. અહીં યાદી આપું છું તેમાંથી તમે જ્યાં નોંધણી કરાવી હોય તે બરો અથવા RSL પસંદ કરો.") |
| | દબાવો 1<br>દબાવો 2<br>દબાવો 3<br>દબાવો 4<br>દબાવો 5<br>દબાવો 6<br>દબાવો 7 | For Brent (બ્રેન્ટ માટે)<br>For Ealing (ઈલિંગ માટ)<br>For Harrow (હેરો માટે )<br>For Hillingdon (હિલિંગ્ડન માટે )<br>For Hounslow (હૉન્સલો માટે )<br>For Ealing Family Housing Association (ઈલિંગ ફૅમિલી હાઉસિંગ એસોસિએશન માટે)<br>For PCHA (પીસીએચએ માટે ) |
| 3 | તે પછી તમને સાંભળવા મળશે : | "Thank you. Please enter the number section of your LIN number." ("આભાર તમારા LIN નંબરમાંથી નંબરનો ભાગ એંટર કરો." ) |
| 4 | હવે તમારે LIN નંબરમાંથી માત્ર સંખ્યાવાળો ભાગ એંટર કરવો. સાચો નંબર એંટર કરશો તે પછી સાંભળવા મળશે : | "Thank you. Please enter the day number of your birth date" ("આભાર. તમારી જન્મ તારીખના દિવસનો આંકડો એંટર કરો.") દાખલા તરીકે 16/04/60 એટલે16. અને 08/01/58 એટલે 08. (એક આંકડો હોય તો તમારે એના પહેલાં 0 જરૂર મૂકવું. 23/06/31 એટલે 23 |
| 5 | હવે તમારે તમારી જન્મ તારીખમાંથી દિવસનો આંકડો એંટર કરવાનો છે. સાચો આંકડો એંટર કરી લેશો તે પછી સાંભળવા મળશે : | "Thank you. Please enter your first property reference bid number." ("આભાર. તમારી પહેલી બોલી માટે મકાનનો રેફરન્સ નંબર એંટર કરો." ) |
| 6 | મકાનનો રેફરન્સ નંબર બરાબર એંટર કરશો તે પછી સાંભળવા મળશે : | "Thank you. If you would like to add an additional bid press 1 or press 2 to complete your bids."("આભાર. તમારે એક વધારે બોલી નોંધાવવી હોય તો 1 દબાવો અને બોલી પૂરી થયાનું જણાવવા 2 દબાવો.") |
| 7 | તમે 1 દબાવશો તો સાંભળવા મળશે : | "Please enter your second property bid number or press the * key to complete your bidding." ("તમારી મકાન માટેની બીજી બોલી એંટર કરો અથવા * દબાવીને બોલી પૂરી થયાનું જણાવો.") |

| | | |
|---|---|---|
| 8 | બીજા મકાનનો રેફરન્સ નંબર સાચો એંટર કરશો તે પછી સાંભળવા મળશે : | If you would like to add an additional bid, please press 1 now or press 2 to complete your bidding.” ("તમારે એક વધારે બોલી નોંધાવવી હોય તો  1 દબાવો અને બોલી પૂરી થયાનું જણાવવા 2 દબાવો.") |
| 9 | બોલી નોંધાવવાનું પૂરૂં થશે એટલે સાંભળવા મળશે : | “Thank you for bidding on the Locata Property line.” ("લોકૅટા પ્રોપર્ટી લાઈન પર બોલી નોંધાવવા બદલ તમારો આભાર." ) |
| તમે કઈં ભૂલ કરી હશે તો આ પ્રમાણે સૂચનાઓ સાંભળવા મળશે : | | |
| 10 | તમે નંબર ખોટો એંટર કર્યો હશે તો સાંભળવા મળશે : | “I am sorry, the LIN number you have entered is not recognised. Please try again.” ("માફ કરશો. તમે એંટર કરેલો LIN નંબર માન્ય નથી. ફરીથી કોશિશ કરો." ) |
| હવે તમારે કાળજી રાખીને સાચો નંબર ફરી એંટર કરવાનો છે. | | |
| 11 | તમે ફરી ભૂલ કરશો તો સાંભળવા મળશે : | “I am sorry, the LIN number you have entered is not found. Please check with your registering partner and call again.”("માફ કરશો. તમે એંટર કરેલો LIN નંબર મળતો નથી. તમારૂં નામ નોંધનાર સહયોગીને મળીને ખાતરી કરો અને તે પછી અમને ફોન કરો.") |

## કૂપન દ્વારા બોલી નોંધાવવી

| | |
|---|---|
| તમારા કૂપન પર તમારૂં નામ અને તમારો LIN (લોકૅટા આઈડેન્ટીફિકેશન નંબર) છાપેલાં છે – આ વિગતો સાચી હોય તે તપાસી લેશો. | તમારા રેફરન્સ નંબરનો બીજો આંકડો બીજી કોલમમાં જ્યાં હોય ત્યાં X મૂકશો. |
| ફ્રીશીટની દરેક આવૃત્તિ માટે તમે ત્રણ મકાનોની બોલી નોંધાવી શકો છો. | તમારા રેફરન્સ નંબરનો ત્રીજો આંકડો ત્રીજી કોલમમાં જ્યાં હોય ત્યાં X મૂકશો. |
| દરેક મકાનનો રેફરન્સ નંબર 3 આંકડાનો હશે જે 'Locata HOME' ફ્રીશીટમાં એ મકાનની જાહેરાતમાં આપેલો હશે. | જે 'લોકૅટા હોમ' ફ્રીશીટમાંથી તમે બોલી નોંધાવતા હો તેના પહેલા પાને આપેલી તારીખ લખો. |
| ઉદાહરણ તરીકે, તમે 456, 491, અને 444, એ 3 આંકડાના મકાનો માટે બોલી નોંધાવવા માગતા હો તો અહીં ઉદાહરણ તરીકે જે નકલ આપી છે તે રીતે કૂપન પર નિશાન કરશો. પહેલી કૉલમમાં રેફરન્સ નંબરનો પહેલો આંકડો જ્યાં જૂઓ ત્યાં X મૂકશો. | તમારૂં કૂપન ટપાલ દ્વારા Locata ને મોકલાવી આપશો. કૂપન પર સરનામું છે જ, પરંતુ તમારે એના પર ટિકિટ ચોંટાડવાની રહેશે. |



## ટેલીફોન દ્વારા તમારા કૂપનનો ઓર્ડર આપો

| | | |
|---|---|---|
| 1 | તમારા કૂપનનો ઓર્ડર નોંધાવવા માટે ડાયલ કરોઃ | **0906 294 2013** |
| 2 | તમને સાંભળવા મળશે : | “Welcome to the Locata Coupon line. Please select the Borough or RSL you are registered with from the following list.” ("લોકૅટા કૂપન લાઈનમાં આપનું સ્વાગત કરીએ છીએ. અહીં યાદી આપું છું તેમાંથી તમે જ્યાં નોંધણી કરાવી હોય તે બરો અથવા RSL પસંદ કરો.") |
| | દબાવો 1 | For Brent (બ્રેન્ટ માટે) |
| | દબાવો 2 | For Ealing (ઈલિંગ માટે) |
| | દબાવો 3 | For Harrow (હેરો માટે) |
| | દબાવો 4 | For Hillingdon (હિલિંગ્ડન માટે) |
| | દબાવો 5 | For Hounslow (હૉન્સલો માટે) |
| | દબાવો 6 | For Ealing Family Housing Association (ઈલિંગ ફૅમિલી હાઉસિંગ એસોસિએશન માટે) |
| | દબાવો 7 | For PCHA (પીસીએચએ માટે) |
| 3 | તે પછી તમને સાંભળવા મળશે : | “Thank you. Please enter the number section of your LIN number.” ("આભાર. તમારા LIN નંબરમાંથી નંબરનો ભાગ એંટર કરો.") |
| 4 | હવે તમારે LIN નંબરમાંથી માત્ર સંખ્યાવાળો ભાગ એંટર કરવો. સાચો નંબર એંટર કરશો તે પછી સાંભળવા મળશે : | “Thank you. Please enter the day number of your birth date” ("આભાર. તમારી જન્મ તારીખના દિવસનો આંકડો એંટર કરો.") દાખલા તરીકે :<br>16/04/60 એટલે 16<br>અને 08/01/58 એટલે 08 (એક આંકડો હોય તો તમારે એના પહેલાં 0 જરૂર મૂકવું)<br>23/06/31 એટલે 23 |

**મારી બોલીનું શું થયું તેની મને શી રીતે ખબર પડશે ?**

'Locata HOME' સામયિકના 'ફીડબૅક' વિભાગમાં ભાડે આપવાનાં બધાં મકાનોની યાદી છપાય છે. દરેક મકાન માટે બોલી આપનારા કેટલા લોકો છે અને સફળ બોલી આપનારનું બૅન્ડ અને રજિસ્ટ્રેશનની તારીખ શી છે તે એમાંથી જાણી શકાશે. આ રીતે તમને તમારી પ્રાથમિકતાની સ્થિતિનો પણ સફળ બોલી બોલનાર સાથે તુલના કરવાથી ખ્યાલ આવશે. એ પછી તમે જલદી મકાન બદલવા માગતા હો તો વિસ્તાર અથવા મકાન વિશેની તમારી પ્રાથમિકતામાં ફેરફાર કરી શકશો.

**નવું ઘર પસંદ કરવાનાં પાંચ પગલાં / પગથિયા**

**પગથિયું / પગલું 1 સભ્યપદ**
તમે અત્યારે મકાન બદલવાની રાહ જોતા ભાડૂત હો, અત્યારે ઘર વિનાના હો, ખાનગી મકાનમાલિક પાસેથી મકાન ભાડે રાખ્યું હોય, અથવા કુટુંબ કે મિત્રો સાથે રહેતા હો.

**પગથિયું / પગલું 2 નોંધણી**
તમારી નોંધણી કરી અને તમને કયા બૅન્ડમાં મૂકવા તે તમારી સ્થાનિકની કાઉંસિલ કે હાઉસિંગ એસોસિએશન તમને લેખિત રૂપે જણાવશે.

**પગથિયું / પગલું 3 પસંદગી**
તમને તમારા વિસ્તારમાં ઘણાં સ્થળેથી અમારૂં મફત સામયિક 'Locata HOME' મળશે. તમારી પસંદગીના ઘર માટે તમે કૂપનથી, ટેલીફોન પર, ટેક્સ્ટ દ્વારા કે વેબસાઈટ પર બોલી નોંધાવી શકો છો.

**પગથિયું / પગલું 4 ઑફર**
તમારી બોલી યાદીમાં સૌથી ઉપર હશે તો લોકલ કાઉંસિલ અથવા હાઉસિંગ એસોસિએશન તમારો સંપર્ક કરીને મકાન દેખાડવાની વ્યવસ્થા કરશે.

**સોપાન 5 તે પછીની માહિતી**
'લોકૅટા હોમ'ના અંકમાં પહેલાના અંકોમાં કેટલા લોકોએ મકાન માટે બોલી નોંધાવી તેની માહિતી પ્રસિદ્ધ કરવામાં આવશે.

**ઘર માટે બીજા વિકલ્પ શા છે ?**

વેસ્ટ લંડનમાં મકાનની જબ્બર તંગી છે એટલે આ યોજનાથી દરેકની આવાસ સમસ્યા હલ થઈ શકશે નહિ. હજી પણ ઘણાખરા સભ્યોએ નવા ઘર માટે લાંબો વખત રાહ જોવી પડશે અને બૅન્ડ C તેમ જ Dના ઘણાખરા સભ્યોને એમના જ વિસ્તારમાં ફરી વસવા મળે તેની તકો તો થોડીઘણી છે. લોકો સમક્ષ વધારે વિકલ્પો રજૂ કરવા માટે અમે લંડનની બહારના, મિડલૅન્ડ્ઝ જેવા વિસ્તારોનાં મકાનોની જાહેરાતો પણ પ્રસિદ્ધ કરીશું કારણ કે ત્યાં માંગ ઓછી છે બીજું, વેસ્ટ લંડનનાં ભાગીદારીની માલિકીનાં મકાનોની જાહેરાતો પણ અપાશે. 'લોકૅટા હોમ' સામયિકમાં ખાનગી મકાનો ભાડે આપવાની જાહેરાતો પણ લેવાની કાર્યવાહી શરૂ થઈ છે.

**મકાન માલિકના સંપર્ક વિશે માહિતી** | **ટેલીફોન નંબરો**

| | |
|---|---|
| London Borough of Brent (લંડન બરો ઑફ બ્રેન્ટ)<br>Mahatma Ghandi House<br>34 Wembley Hill Road<br>Wembley, Middlesex<br>HA9 8AD | 020 8937 2000 |
| London Borough of Ealing (લંડન બરો ઑફ ઈલિંગ)<br>Housing Resource Centre<br>Town Hall Annexe<br>New Broadway<br>London<br>W5 2BY | 020 8825 7274 |

London Borough of Harrow (લંડન બરો ઑફ હૅરો)

| | Surnames (અટકો) | |
|---|---|---|
| Youngmans 2 Building | A થી Cg | 020 8424 1116 |
| PO Box 65 | Ch થી G | 020 8863 5611 એક્સ્ટેન્શનઃ3870 |
| Civic Centre | H થી Lg | 020 8424 1706 |
| Station Road | Lh થી O | 020 8424 1115 |
| Harrow, Middlesex | P થી Sg | 020 8863 5611 એક્સ્ટેન્શનઃ 3738 |
| HA1 2XG | Sh થી Z | 020 8863 5611 એક્સ્ટેન્શનઃ 3663 |

ઈ–મેઈલ : locatahelp@harrow.gov.uk

| | |
|---|---|
| London Borough of Hillingdon(લંડન બરો ઑફ હિલિંગડન) | 01895 250 328 |
| Housing Services | 01895 277 779 |
| Civic Centre | 01895 250 147 |
| High Street | 01895 250 389 |
| Uxbridge, Middlesex | |
| UB8 1UW | |

ઈ–મેઈલ : nmailbox@hillingdon.gov.uk

| | |
|---|---|
| London Borough of Hounslow (લંડન બરો ઑફ હૉન્સ્લો) | 020 8583 3815 |
| The Civic Centre | 020 8583 4405 |
| Lampton Road | |
| Hounslow | |
| TW3 4DN | |

| | |
|---|---|
| Ealing Family Housing Association (ઈલિંગ ફૅમિલી હાઉસિંગ એસોસિએશન)<br>St James House<br>105-113 Broadway<br>West Ealing<br>London<br>W13 9BE | 020 8621 9898 |

ઈ–મેઈલ : csc.queries@chq.org.uk

| | |
|---|---|
| Paradigm Housing Group (પૅરાડાઈમ હાઉસિંગ ગ્રુપ)<br>1 White Hill<br>Chesham<br>Bucks<br>HP5 1AB | 0845 845 5517 |
| PCHA Housing Association (પીસીએચએ હાઉસિંગ એસોસિએશન)<br>324 Harrow Road<br>London<br>W9 2HP | 020 8537 4537 |